

## ❋ ઐશ્વર્યા રાય બચ્ચન

❋ પનામા પેપર્સ લીક કાંડમાં ઐશ્વર્યા રાય બચ્ચનની પૂછપરછ કરાઈ છે અને તેનું ફેમા હેઠળ નિવેદન નોંધવામાં આવ્યું છે. ૧ નવેમ્બર, ૧૯૭૩ના રોજ મેંગ્લોર, કર્ણાટકમાં જન્મેલ ઐશ્વર્યા રાય બચ્ચનની તુલા લગ્નની જન્મકુંડળીમાં લગ્ન સ્થાનમાં સૂર્ય પોતાની નીચની રાશિમાં છે અને હાલમાં મકર રાશિમાં ગોચરમાં પસાર થઈ રહેલા શનિની દસમી દષ્ટિમાં છે. સૂર્ય ૧૫ અંશનો છે તથા હાલમાં શનિ-સૂર્યની અંશાત્મક કેન્દ્રયોગ બનેલો છે તથા જાન્યુઆરી ૨૦૨૨ સુધી રાહુ મધ્યે ચંદ્રની અન્તર્દશા હોવાથી સરકાર દ્વારા પૂછપરછ અને તકલીફ ઊભી થયાનું અવલોકન જ્યોતિષની દષ્ટિએ થઈ શકે છે. ગોચરમાં ગુરૂની ભાગ્ય સ્થાન પર તથા સૂર્ય પર દષ્ટિ છે અને જાન્યુઆરી ૨૦૨૨માં રાહુ મધ્યે મંગળની અન્તર્દશા શરૂ થાય છે. મંગળ સ્વરાશિ સ્થિત મેષ રાખિમાં હોવાથી જાન્યુઆરી ૨૦૨૨ પછી તે પનામા પેપર્સ લીક કાંડમાંથી મુક્ત બની શકશે અને ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ હેઠળ નોંધવામાં આવેલા નિવેદનનો યોગ્ય ઉકેલ મેળવશે.